અપીલ અરજી નં.૩૩૪ તા.૧૩–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિનોદકુમાર પાંડે
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદકુમાર પાંડેની તા. ૨૬–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) શહેરમાં બધાં ઝોન મળીને કેટલા હોકર્સ ઝોન છે (૨) કેટલા લોકોને ઝોન વાઈસ લાયસન્સ આપવામાં આવેલ છે વિ.મુદ્દા નં.(૧) થી (૭)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૩–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૩૪/૨૦૧૧–૧૨

શ્રી વિનોદકુમાર પાંડેની તા. ૨૬–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)શહેરમાં બધાં ઝોન મળીને કેટલા હોકર્સ ઝોન છે (૨) કેટલા લોકોને ઝોન વાઈસ લાયસન્સ આપવામાં આવેલ છે વિ.મુદ્દા નં.(૧) થી (૭)ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં સીઝેડ/આરટીઆઈ/ આઉટ /નં.૧૧૨૯ તા.૨૩–૯–૧૧થી મુદ્દા નં.૪ અને ૫ માટે નહીં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૩–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫માં નીચે સહી કરનારને પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૯૬૯ તા.૧૭–૧૦–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પ્રત્યુત્તરને અનુલક્ષી તબદીલી અન્વયે અપીલ દરમ્યાન સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) ખાતેથી માહિતી મળે તો તે મળ્યા બાદ પણ નારાજગી હોય તો આધાર સહ વિગતો રજુ કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૬–૮–૧૧ ની અરજીથી શહેરના હોકર્સ ઝોન અંગેની મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૧૨૯ તા.૨૩–૯–૧૧ થી અરજદારને મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧)શહેરમાં બધાં ઝોન મળીને કેટલા હોકર્સ ઝોન છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનકમં કુલ –૨૭ હોકર્સ ઝોન છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) કેટલા લોકોને ઝોન વાઈસ લાયસન્સ આપવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનમાં કુલ–૨૯૯ હોકર્સને લાયસન્સ આપેલ છે. તેવું જણાવેલ છે મુદ્દા નં.(૩) લાયસન્સ આપવા માટેના કયા નિયમો છે અને કોને આપવામાં આવે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ માહિતી માટે તેમની અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં તા.૧૨–૯–૧૧ ના રોજ તબદીલ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) કપડા બજાર (રીંગરોડ) ના સાલાસર માર્ગમાં કેટલા લોકોને લાયસન્સ આપવામાં આવેલ છે નામ, સરનામા જણાવવા. મુદ્દા નં.(૫) એ લોકોને કયારે લાયસન્સ આપવામાં આવેલ છે. રીન્યુઅલના નિયમ બતાવો. તેવા પ્રશ્ન નં.૪ અને ૫ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ માહિતી માટે લીંબાયતઝોનમાં અરજી તા.૨૯–૮–૧૧ ના રોજ તબદીલ કરેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૬) હોકર્સ ઝોનમાં મુકવામાં આવેલ લારીઓ શું એક જ જગ્યા પર ઉભી રહી શકે તેમ છે? ફુટપાથ પર ઉભી રાખવામાં આવે તેના માટે દંડની શું જોગવાઈ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ માહિતી માટે તેમની અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં તા.૧૨–૯–૧૧ ના રોજ તબદીલ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૭) લારી ગલ્લાથી પાંચ વર્ષમાં કેટલો દંડ વસુલ કર્યો? દરેક ઝોનમાં લાયસન્સ ફી કેટલી પ્રાપ્ત થઈ તે જણાવો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનમાં ઉપલબ્ધ રેકર્ડ મુજબ સેન્ટ્રલઝોન ધ્વારા લારી ગલ્લાથી ૫ વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૦૭–૦૮ થી આજ દિન સુધી દંડ પેટે કુલ રૂા.૧૦,૧૪,૯૧૨/– તથા હોકર્સ લાયસન્સ ફી પેટે રૂા.૭,૬૫,૯૦૦/– જેટલી રકમ પ્રાપ્ત થઈ છે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે મુદ્દા નં.૪ અને ૫ નો જવાબ નહીં મળ્યાનું જણાવી તા.૧૩–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન

તરફથી તા.૨૯–૮–૧૧ ના રોજ લીંબાયતઝોનને સ્પર્શતી હોઈ તબદીલ કરવામાં આવેલ છે. જે અંગે અપીલ થઈ હોય અપીલ તબકકે અત્રેથી આરટીઆઈ સેલ/૯૬૯ તા.૧૭–૧૦–૧૧ થી પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. જેથી લીંબાયતઝોન તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ પણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૪ અને ૫ ની જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને દફતરી માહિતી પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(એસ.એન.મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી વિનોદકુમાર પાંડે,